**આંક:પ**

**મે.વલસાડ ખાતેની મજુર અદાલતનાં જજ અને એકસ–ઓફિસીયો કમિશ્નર ફોર વર્કમેન્સ કોમ્પેન્શેશન એકટ મુ.વલસાડ .**

**વ.કો.પરચુરણ અરજી નં.૧/૨૦૧૮.**

**(ઈન)**
**(મુળ નોન ફેટલ કેસ નં.૧૪/૨૦૦૨)**

અરજદાર:– શ્રી સંદીપ અમીન તિવારી.
c/o ગુજરાત રાજય કામદાર સેવા સંઘ,
સાંઈ પ્લાઝા કોમ્પ્લેક્ષ, બી–૨૦૪, સેકન્ડ, ફલોર,
ટેલીફોન એક્ષચેંજની સામે જી.આઈ.ડી.સી., ચાર રસ્તા, વાપી,
તા. વાપી, જી. વલસાડ.

**–: વિરૂધ્ધ :–**

સામાવાળા :– (૧) મે. પ્રભાત ઈલાસ્ટોમર્સ પ્રા. લી.,
શેડ નં. એ–૧/૪૧૧, ૪૧૩ અને ૪૧૫,
જી.આઈ.ડી.સી. સરીગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ.
(૨) ધી ન્યુ ઈન્ડીયા એસ્યોરન્સ કંપની લી.,
એસીયન બિલ્ડીંગ, થર્ડ ફલોર,
"આર" કમાની માર્ગ, બેલાર્ડ એસ્ટેટ,
મુંબઈ–૪૦૦૦૦૧.

પ્રતિનિધીત્વ :–
અરજદાર તરફે :– વિ.પ્રતિનિધી શ્રી આર.એમ. પ્રજાપતિ.
સામાવાળા તરફે:– ગેરહાજર.

**–: હુ ક મ :–**

અરજી વંચાણે લીધી. સામાવાળાઓને નોટીશ કાઢવામાં આવેલ છે પરંતુ કોઈ હાજર નથી. કામે એગ્રીમેન્ટ નં. ૦૭/૨૦૦૫ અને નોન ફેટલ અરજી નં. ૧૪/૨૦૦૨ ના કામે વિગતવાર હુકમ થયેલ હોય તે મુજબ સામાવાળાઓએ કોર્ટમાં રકમ જમા કરાવેલ છે તે પ્રમાણે કોર્ટના ઓ.એસ.શ્રીનો શેરો વંચાણે લીધો તે શેરા પ્રમાણે એગ્રીમેન્ટ નં. ૦૭/૨૦૦૫ ના કામે સામાવાળા તરફે રૂા. ૧ ,૨૬,૨૧૧/– જમા છે અને તેની એફ. ડી. કરવામાં આવેલ છે તેમજ નોન ફેટલ અરજી નં. ૧ ૪/૨૦૦૨ ના કામે આખરી હુકમ મુજબ સામાવાળા નં. ૧ તરફથી રુા. ૮૩,૧૭૧/– તથા સામાવાળા નં. ૨ તરફથી રુા.૭૨,૧૪૦/– જમા કરવામાં આવેલ છે. આમ સામાવાળાઓ તરફે અરજદારને ચુકવવા પાત્ર કુલ રકમ રુા. ૨,૮૧,૫૨૨/– જમા છે જેની પ્રસ્થાપિત જોગવાઈ મુજબ ફાળવણી કરતાં અરજદારને રુા. ૫૧,૫૨૨/– રોકડેથી અને રુા.૨,૩૦,૦૦૦/– ની

×

અરજદારના નામની એફ.ડી. કરવા પાત્ર થાય છે જે મુજબ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ:–</u>**

૧: એગ્રીમેન્ટ નં. ૭/૨૦૦૫ ના કામે રકમ રુા. ૧,૨૬,૨૧૧/– (અંકે રુપિયા એક લાખ છવ્વીસ હજાર બસો અગીયાર પુરા) ની જે એફ.ડી. જમા કરવામાં કરવામાં આવેલ છે તે એફ.ડી. ખોલવાનો હુકમ કરવામાં આવે છે. આ એફ. ડી. જે તારીખે ખોલવામાં આવે તે તારીખ સુધીનું એફ.ડી. ઉપરનું ઉપજતું વ્યાજ અરજદારને એકા.પેઈ ચેકથી ચુકવવું.

૨: આ ખોલવામાં આવેલ એફ.ડી.ની રકમ રુા. ૧,૨૬,૨૧૧/– (અંકે રુપિયા એક લાખ છવ્વીસ હજાર બસો અગીયાર પુરા) સામાવાળા નં. ૧ નાએ જમા કરાવેલ રકમ રુા.૮૩,૧૭૧/– (અંકે રુપિયા ત્યાંસી હજાર એકસો એકોતેર પુરા) વીમા કંપની તરફથી જમા કરવામાં આવેલ રકમ રુા. ૭૨,૧૪૦/– (અંકે રુપિયા બોત્તેર હજાર એકસો ચાલીસ પુરા) મળી જે કુલ રકમ રુા. ૨,૮૧,૫૨૨/– (અંકે રુપિયા બે લાખ એકયાંસી હજાર પાંચસો બાવીસ પુરા)થાય છે તેમાથી રુા. ૫૧,૫૨૨/– અરજદારને નિયમ મુજબ એકાઉન્ટ પે ચેકથી ચુકવી આપવા તેમજ બાકી રહેલ રકમ રુા. ૨,૩૦,૦૦૦/– ની અરજદાર તથા એકસ–ઓફિસીયો કમિશ્નરશ્રીના નામની પાંચ વર્ષની એફ.ડી. કરવી આ એફ.ડી. ઉપર નિપજતું ત્રિમાસીક વ્યાજ અરજદાર જે ખાતામાં જણાવે તે ખાતામાં જમા કરવું.

૩: ઉપરોકત ફીકસ ડીપોઝીટ તરીકે મુકવાની રકમ કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેંકમાં મુકવી તેવો હુકમ કરવામાં આવે છે.

૪: બેંકે સદરહુ ફીકસ ડીપોઝીટ ઉપર કોઈ પણ જાતની લોન ,ગીરો, બોજો,બક્ષીસ વગેરે મંજુર કરવા નહી.

૫: અરજદારે તેના તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ તથા રહેણાંકનો આધાર અત્રે રજુ કરવાનો રહેશે.

(કે.સી.મંઘાણી)
GJ00823
કમીશ્નર ફોર
વર્કમેન કોમ્પેન્સેશન એકટ
એન્ડ જજ લેબર કોર્ટ,
વલસાડ.

સ્થળ:વલસાડ
તા:૦૨–૦૨–૨૦૧૮.